# કમલમ ખાતે ભાજપનો વિજયોત્સવ ઉજવાયો

**નકારાત્મક** રાજનીતિ ગુજરાતની પ્રજાએ નકારી કાઢી : સીએમ ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપની જીત બાદ આજે ગાંધીનગર કમલમ કાર્યાલય ખાતે ભાજપ દ્વારા વિજયોત્સવ ઉજવાયો હતો. પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ મીઠાઈ ખવડાવીને સીએમ ભૂપેન્દ્ર પટેલ તથા ડે સીએમ હર્ષ સંઘવીનું મોં મીઠું કરાવ્યુ હતું. નવી રચાયેલી મનપા પણ ભાજપે સત્તા મેળવી લીધી છે, જયારે જુની મનપામાં સત્તા જાળવી રાખી છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં ભાજપના પ્રચંડ વિજય બાદ જગદીશ વિશ્વકર્માએ કમલમ ખાતે રાજ્યની જનતાનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે આ જીત માત્ર ભાજપની નહીં પરંતુ વિકાસની રાજનીતિ પર વિશ્વાસ મૂકનારી ગુજરાતની સાડા છ કરોડ જનતાની જીત છે. વિશ્વકર્માએ પોતાના કહ્યું હતું કે, હું ગુજરાત સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી 2026ના પરિણામોમાં ભાજપની ભવ્ય જીત બદલ ગુજરાતની પ્રજાને વંદન કરું છું. છેલ્લા લગભગ 30 વર્ષથી જનતાએ વિકાસની રાજનીતિને સતત સમર્થન આપ્યું છે, જે આ પરિણામોમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે. જે લોકો ગુજરાતની વિકાસયાત્રાનો ખોટી રીતે વિરોધ કરી રહ્યા હતા અને રાજ્યને બદનામ કરવાનો પ્રયાસ કરતા હતા, તેઓને હવે જનતાએ યોગ્ય જવાબ આપી દીધો છે, ત્યારે તેમણે પોતાના બિસ્ત્રા પોટલા બાંધવાનો સમય આવી ગયો છે. આ પરિણામો સ્પષ્ટ સંદેશ આપે છે કે ગુજરાતની જનતા નકારાત્મકતા નહીં પરંતુ વિકાસ અને સ્થિરતા પર વિશ્વાસ રાખે છે. ભાજપ આ જનસમર્થનને વધુ મજબૂત બનાવવા માટે આગલા સમયમાં પણ પ્રજાની સેવા માટે પ્રતિબદ્ધ રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ જણાવ્યું હતું કે , આ જીત ભાજપના કાર્યકર્તાઓના સમર્પણ, ટીમવર્ક અને જનસમર્થનનું પરિણામ છે. તેમણે ઉમેર્યું કે સરકાર જનતાના વિશ્વાસને વધુ મજબૂત બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહેશે.કમલમ ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતુ કે ગુજરાતને બદનામ કરવાનો પ્રયત્ન થયો હતો, પરંતુ જનતાએ યોગ્ય સમયે યોગ્ય જવાબ આપ્યો છે. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ છેલ્લા 25 વર્ષથી જનતા ભાજપની વિકાસની રાજનીતિ પર વિશ્વાસ રાખે છે તે બાબત પર ભાર મૂક્યો. સુરતમાં આપના પ્રદર્શન અંગે ભાજપે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતુ કે ગુજરાતની જનતા શાંતિપ્રિય અને વિકાસપ્રિય છે અને અરાજકતાવાદી રાજનીતિને સ્વીકારતી નથી.પક્ષના નેતાઓએ આ જીતને “ટ્રિપલ એન્જિન સરકાર”ની કામગીરી અને વિકાસની રાજનીતિ પર જનતાના વિશ્વાસનું પરિણામ ગણાવ્યું છે.

ડે સીએમ હર્ષ સંઘવીએ કહયું હતું કે સીએમ ગામે ગામથી લઈને દરેક શહેરો સુધી ભારતીય જનતા પાર્ટીનું કમલ ખીલ્યુ છે. પ્રજાની સેવામાં લાખ્ખો કાર્યકર્તાઓને ખૂબ ખૂબ અભિનંદન આપીયે છીએ, બે હાથ જોડીને વંદન કરીને આભાર વ્યક્ત કરીયે છીએ, કેટલાક તત્વોને બદનામ કરવામાં કસર છોડવામાં આવી છે. પ્રજાએ તેઓને સીધો જવાબ આપી દીધો છે. ગુજરાતને બદનામ કરવાનો પ્રયાસ થયો છે. આ એક ઐતિહાસિક વિજય થયો છે , ભાજપ અન પ્રજા એક દુનિયાનું સૌથી મોટુ સહકુટુંબ વધારે મજબૂત થયુ છે.

# કલાકાર ઉમેદવારો પર મતદારોનો વિશ્વાસ

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી 2026ના પરિણામોમાં આ વખતે અનોખું દ્રશ્ય જોવા મળ્યું છે. રાજકારણ સાથે સાથે કલા અને સોશિયલ મીડિયા ક્ષેત્ર સાથે જોડાયેલા ચહેરાઓએ પણ મતદાતાઓનો વિશ્વાસ જીત્યો છે. ખાસ કરીને ભારતીય જનતા પાર્ટીના ટિકિટ પર લડનાર કલાકાર ઉમેદવારોના વિજયે ચર્ચા જગાવી છે.

## વિજાપુરમાં નેહા સુથારનો ભવ્ય વિજય

વિજાપુર તાલુકા પંચાયતની કુડેડા બેઠક પરથી લોકગાયિકા નેહા સુથારએ ભાજપના ઉમેદવાર તરીકે અંદાજે 1390થી વધુ મતોથી ભવ્ય જીત મેળવી છે. તેમની લોકપ્રિયતા અને જનસમર્થન આ જીતમાં સ્પષ્ટ રીતે દેખાયું છે.

## વડોદરામાં અંકિતા પરમારનો સતત વિજય

વડોદરા જિલ્લા પંચાયતની પોર બેઠક પર સોશિયલ મીડિયા સ્ટાર અંકિતા પરમારએ લગભગ 2400 મતોથી વિજય મેળવી સતત બીજી વખત જીત નોંધાવી છે, જે તેમની લોકપ્રિયતા અને કાર્યશૈલીને દર્શાવે છે.

## ઉનામાં રાજલ બારોટનો શાનદાર દેખાવ

ઉના નગરપાલિકાના વોર્ડ નંબર 7માં લોકગાયિકા રાજલ બારોટએ ભાજપના ઉમેદવાર તરીકે જીત મેળવી છે. તેમને કુલ 2313 મત મળ્યા હતા. તેઓ જાણીતા લોકગાયક મણિરાજ બારોટની પુત્રી છે. સંગીત ક્ષેત્રે ઓળખ ઉભી કર્યા બાદ હવે તેઓ જાહેર જીવનમાં નવી ભૂમિકા ભજવશે.

## અમરેલીમાં ચોંકાવનારું પરિણામ : કલાકાર માયાભાઈ આહીરની પુત્રી સોનલ ડેરને પરાજય

સોનલ ડેર જાણીતા ડાયરા કલાકાર માયાભાઈ આહીરની પુત્રી છે, જેના કારણે તેમની રાજકારણમાં એન્ટ્રી શરૂઆતથી જ ચર્ચાનો વિષય બની હતી. ચૂંટણી દરમિયાન આ બેઠક પર સૌની નજર હતી, કારણ કે એક તરફ લોકપ્રિય કલાકાર પરિવારનો પ્રભાવ હતો તો બીજી તરફ સ્થાનિક રાજકીય સમીકરણો. છતાં અંતે મતદાતાઓએ કોંગ્રેસના ઉમેદવારને પસંદગી આપી સોનલ ડેરને પરાજય આપ્યો છે.આ પરિણામ દર્શાવે છે કે માત્ર લોકપ્રિયતા પૂરતી નથી, પરંતુ સ્થાનિક મુદ્દાઓ, સંગઠન અને મતદારો સાથેનો સીધો સંપર્ક પણ જીત માટે મહત્વપૂર્ણ બની રહે છે.

# પક્ષપલટું નેતાની ક્યાંક જીત તો ક્યાંક ભારે પરાજય

ગાંધીનગરઃ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી 2026ના પરિણામોમાં પક્ષપલટા કરનાર નેતાઓને લઈને મતદારોના મિશ્ર સંકેતો સામે આવ્યા છે. કેટલાક વિસ્તારોમાં આવા નેતાઓને સ્વીકાર મળ્યો છે તો ક્યાંક તેમને કડક નકારનો સામનો કરવો પડ્યો છે. આ પરિણામો પરથી સ્પષ્ટ થાય છે કે મતદારો પક્ષપલટા કરનારા નેતાઓને લઈને એકસરખો વલણ અપનાવતા નથી. જ્યાં કેટલીક જગ્યાએ તેમને સ્વીકાર મળ્યો છે, ત્યાં અન્ય વિસ્તારોમાં મતદારો એવાં નેતાઓને નકારી રહ્યા છે. ખાસ કરીને જૂનાગઢ જિલ્લો જેવા વિસ્તારોમાં પક્ષપલટા નેતાઓને મોટું નુકસાન થયું છે. આ રીતે, સ્થાનિક સ્તરે મતદારો હવે વ્યક્તિગત વિશ્વસનીયતા, કાર્યશૈલી અને સ્થાનિક મુદ્દાઓને વધુ પ્રાથમિકતા આપતા જોવા મળી રહ્યા છે, જે ભવિષ્યના રાજકીય સમીકરણોને અસર કરી શકે છે.

## અરવલ્લીમાં પૂર્વ આઈપીએસ મનોજ નિનામાની હાર

અરવલ્લી જિલ્લોની ઓડ જિલ્લા પંચાયત બેઠક પરથી ભાજપના ઉમેદવાર અને પૂર્વ આઈપીએસ અધિકારી મનોજ નિનામાને પણ પરાજયનો સામનો કરવો પડ્યો છે. નિવૃત્તિ બાદ રાજકારણમાં પ્રવેશ કરનાર નિનામા માટે આ પરિણામ નિરાશાજનક રહ્યું છે.

## જૂનાગઢમાં ભૂપત ભાયાણીને ઝાટકો

જૂનાગઢ જિલ્લોમાં વિસાવદરના પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણીને ભેંસાણ બેઠક પરથી પરાજયનો સામનો કરવો પડ્યો છે. ભાજપમાં જોડાયા બાદ પ્રથમ ચૂંટણીમાં જ તેમને આ ઝટકો લાગ્યો છે. આ બેઠક પર આપના ઉમેદવાર દિનેશ રૂપારેલીયાએ અંદાજે 1700 મતોથી જીત મેળવી છે.ભૂપત ભાયાણી 2022માં આપના ઉમેદવાર તરીકે વિસાવદર બેઠક પરથી વિજેતા બન્યા હતા, પરંતુ બાદમાં પક્ષ અને ધારાસભ્ય પદેથી રાજીનામું આપી ભાજપમાં જોડાયા હતા. આ પરાજયને મતદારોના અસંતોષ તરીકે જોવામાં આવી રહ્યું છે.

## સુરેન્દ્રનગરમાં રાજુ કરપડાનો વિજય

સુરેન્દ્રનગર જિલ્લોની મૂળી-2 બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર રાજુ કરપડાએ 2533 મતની લીડ સાથે જીત મેળવી છે. અગાઉ આમ આદમી પાર્ટીમાં રહેલા કરપડાએ ચૂંટણી પહેલાં ભાજપમાં જોડાયા હતા. શરૂઆતમાં તેમની હારની અટકળો વચ્ચે અંતિમ રાઉન્ડમાં જીત નોંધાવતા આ પરિણામ રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

# ઈરાનના ચાબહાર બંદરમાં ભારતના ૧,૧૩૦ કરોડ રૂપિયા સલવાઈ ગયા છે




ભારત અને ઈરાન વચ્ચેના સંબંધો મધુર હતા ત્યારે ઈરાને ભારતને તેનું ચાબહાર બંદર વિકાસ કરવાની જવાબદારી સોંપી હતી. ભારત માટે આ બંદર વ્યૂહાત્મક રીતે મહત્ત્વનું હતું, કારણ કે તે પાકિસ્તાનના ગ્વાદર બંદરની નજીક આવેલું છે, જેનો વિકાસ ચીન કરી રહ્યું છે. ચાબહાર બંદર થકી ભારતનો માલ મધ્ય પૂર્વમાં અને છેક યુરોપમાં જમીન માર્ગે મોકલવાનો રસ્તો ખુલી રહ્યો હોવાથી ભારતના વાણિજ્ય માટે તે ખૂબ મહત્ત્વનું છે. હવે ભારત અમેરિકાના ખોળે બેસી ગયું હોવાથી ચાબહાર બંદરમાં ભારતનું ભવિષ્ય જોખમાઇ ગયું છે. ચાબહાર બંદરના કામકાજ અંગે અમેરિકા તરફથી ભારતને મળેલી પ્રતિબંધ મુક્તિ રવિવારે પૂરી થઈ ગઈ છે. આ પ્રોજેક્ટમાં ભારતની ભવિષ્યની ભૂમિકા અંગે કોઈ સ્પષ્ટતા નથી. ભારત સરકારે સત્તાવાર રીતે સ્પષ્ટતા કરી નથી કે શું ભારત આ પ્રોજેક્ટમાંથી સંપૂર્ણપણે ખસી જવાનો વિચાર કરી રહ્યું છે. ભારતીય વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે તે આ બાબતે અમેરિકા સાથે સતત સંપર્કમાં છે.

ભારતે ૨૦૦૩માં અટલ બિહારી વાજપેયી સરકાર દરમિયાન ચાબહાર બંદર અંગે ઈરાન સાથે વાટાઘાટો શરૂ કરી હતી. અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે આ પ્રક્રિયા પાછળથી અટકી ગઈ હતી. વર્ષ ૨૦૧૩ માં તત્કાલીન વડા પ્રધાન મનમોહન સિંહે ચાબહાર બંદરમાં ૮૦૦ કરોડ રૂપિયાના રોકાણની જાહેરાત કરી હતી. ૨૦૧૬ માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાન અને અફઘાનિસ્તાનના નેતાઓ સાથે ચાબહાર કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર હેઠળ ભારત ટર્મિનલ માટે ૭૦૦ કરોડ રૂપિયા અને બંદર વિકાસ માટે ૧,૨૫૦ કરોડ રૂપિયાની લોન આપવા સંમત થયું. ૨૦૨૪ માં તત્કાલીન વિદેશ સચિવ વિનય ક્વાત્રા ઈરાની વિદેશ મંત્રીને મળ્યા અને કનેક્ટિવિટીના મુદ્દા પર ચર્ચા કરી હતી. ભારત અને ઈરાને ૨૦૨૪ માં દસ વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. ભારતે અત્યાર સુધીમાં આ પ્રોજેક્ટમાં આશરે ૧,૧૩૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. હવે ભારતનાં આ મૂડીરોકાણ પર ખતરો પેદા થયો છે.

**ટુ ધ પોઇન્ટ**

■ સંજય વોરા ■

ચાબહાર બંદર હોર્મુઝ સ્ટ્રેટ પાસે આવેલું છે, જે પર્સિયન ગલ્ફને અરબી સમુદ્ર સાથે જોડતો એક મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે. તેનું સ્થાન તેને વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ બનાવે છે. ચાબહાર બંદરથી ભારતને અઢળક ફાયદા થાય તેમ છે. પહેલો ફાયદો એ છે કે ભારતનો માલ પાકિસ્તાનમાંથી પસાર થયા વિના મધ્ય એશિયામાં પ્રવેશ કરી શકશે. ભારતને અફઘાનિસ્તાન કે અન્ય એશિયન દેશોમાં માલ મોકલવા માટે પાકિસ્તાન થઈને જવું પડતું નથી. ભારત ઈરાનના ચાબહાર બંદર દ્વારા સીધો અફઘાનિસ્તાન અને મધ્ય એશિયામાં પોતાનો માલ મોકલી શકશે, જેનાથી સમય અને પૈસાની બચત થશે. ભારત ચાબહાર દ્વારા સરળતાથી પોતાનો માલ, દવાઓ, ખાદ્યપદાર્થો અને ઔદ્યોગિક ઉત્પાદનો અન્ય દેશોમાં મોકલી શકે છે. આનાથી ભારતની નિકાસ વધશે અને પરિવહન ખર્ચ ઘટશે. ભારતને ઈરાન પાસેથી તેલ ખરીદવાનું સરળ બનશે. બંને દેશો સાથે મળીને ચાબહારને વેપારના કેન્દ્ર તરીકે વિકસાવી શકશે. ચાબહાર બંદર પાકિસ્તાનના ગ્વાદર બંદરની નજીક છે, જ્યાં ચીન રોકાણ કરી રહ્યું છે. આ બંદર ભારતને વ્યૂહાત્મક રીતે મજબૂત બનાવે છે અને ચીન-પાકિસ્તાન જોડાણનો સામનો કરવામાં મદદ કરે છે.

ચાબહાર બંદર પર અવિરત કામ કરવા માટે ભારતને નવેમ્બર ૨૦૨૫ માં છ મહિનાની છૂટ મળી હતી, જે આ મહિને સમાપ્ત થઈ ગઈ છે. હવે ભારત ઈરાનના ચાબહાર બંદરમાં પોતાનો હિસ્સો ઈરાની કંપનીને ટ્રાન્સફર કરી શકે છે. આ પગલું કામચલાઉ હોઈ શકે છે, જેનાથી અમેરિકન પ્રતિબંધોમાંથી મુક્તિ સમાપ્ત થયા પછી પણ કામ ચાલુ રાખી શકાય છે. ભારત સરકાર આ મુદ્દા પર અમેરિકા અને ઈરાન બંને સાથે અલગથી ચર્ચા કરી રહી છે. આ ચર્ચાઓ ખૂબ જ સંવેદનશીલ છે અને તેમાં સામેલ અધિકારીઓએ પોતાની ઓળખ આપવાનો ઇનકાર કર્યો છે. ભારત ચાબહાર પ્રોજેક્ટમાંથી સંપૂર્ણપણે ખસી જવાની યોજના બનાવી રહ્યું નથી. ભવિષ્યમાં કનેક્ટિવિટી વધારવાની યોજનાઓ છે, જેમાં રેલ લિંકનો પણ સમાવેશ થાય છે, જે અફઘાનિસ્તાન અને તેનાથી આગળની પહોંચને મજબૂત બનાવશે. ભારત આ કામચલાઉ ટ્રાન્સફરને અમેરિકા અને ઈરાન વચ્ચે સંતુલન જાળવવાના પ્રયાસ તરીકે જુએ છે. જ્યારે અમેરિકાએ ઈરાન પર કડક પ્રતિબંધો લાદ્યા છે, ત્યારે ચાબહાર બંદર ભારતની વ્યૂહાત્મક વ્યૂહરચનાનો મુખ્ય ભાગ છે. નિષ્ણાતો માને છે કે જો ભારત ચાબહારથી પીછેહઠ કરે છે, તો ચીન ત્યાં પોતાનો દબદબો મજબૂત કરવાની તક ઝડપી શકે છે, કારણ કે વર્તમાન યુદ્ધમાં ચીન ઈરાનના સાથી તરીકે કામ કરી રહ્યું છે. આનો અર્થ એ થયો કે જો ભારતની હાજરી નબળી પડે છે, તો ચીન ચાબહાર બંદર પર કબજો કરવાનો પ્રયાસ કરી શકે છે . જો આવું થાય તો તે ભારત માટે નુકસાનકારક રહેશે.

અમેરિકન પ્રતિબંધોના જોખમને ટાળવા માટે ભારત સરકાર ચાબહાર બંદરનો વહીવટ કરતી કંપની ઇન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડમાં તેનો હિસ્સો સ્થાનિક ઇરાની એન્ટિટીને અસ્થાયી રૂપે ટ્રાન્સફર કરવાનું વિચારી રહી છે. ઇકોનોમિક ટાઇમ્સ અખબાર અનુસાર એક એવી પદ્ધતિ બનાવવા માટે ચર્ચા ચાલી રહી છે, જેમાં બંદરનું સંચાલન ઇરાની સત્તાવાળાઓ પાસે રહેશે, પરંતુ ગેરંટી સાથે કે પ્રતિબંધો હટાવ્યા પછી સંચાલન અધિકારો ભારત પાસે પાછા ફરશે. ભારત હવે ઈરાન પાસેથી કાનૂની ગેરંટી ઇચ્છે છે કે કોઈપણ વચગાળાની વ્યવસ્થા ભવિષ્યમાં ભારતના અધિકારોનું રક્ષણ કરશે. પ્રાદેશિક તણાવને કારણે વાટાઘાટો ધીમી પડી ગઈ છે, પરંતુ ભારત ચાબહાર પર પોતાનો કબજો જાળવી રાખવા માટે તમામ વિકલ્પો શોધી રહ્યું છે.

અમેરિકા દ્વારા ઈરાન પર પ્રતિબંધોની શ્રેણી જૂની છે. જોકે, ભારતને નવેમ્બર ૨૦૧૮ માં ચાબહાર બંદરના સંચાલન માટે અમેરિકન પ્રતિબંધોમાંથી મુક્તિ મળી ગઈ હતી. આ મુક્તિ ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થઈ ગઈ. ભારતે આ અંગે અમેરિકા સાથે ફરી ચર્ચા શરૂ કરી. આખરે ૨૮ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે ચાબહાર બંદરના સંચાલન માટે ભારતને પ્રતિબંધોમાંથી મુક્તિ આપવાની સમયમર્યાદા ૨૬ એપ્રિલ, ૨૦૨૬ સુધી લંબાવી હતી. સૂત્રો સૂચવે છે કે ભારત સરકારને બહુ ઓછી આશા છે કે અમેરિકન સરકાર પ્રતિબંધોમાં છૂટછાટ લંબાવશે. નિષ્ણાતો માને છે કે આનાથી બંદર સાથે સંકળાયેલી કંપનીઓ પર નકારાત્મક અસર પડી શકે છે. ભારત હવે ૧૨ કરોડ ડોલરના રોકાણને પાછું ખેંચવાથી માત્ર વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવવાનો જ નહીં પરંતુ નુકસાન નિયંત્રણના પડકારનો પણ સામનો કરી રહ્યું છે.

ચાબહાર બંદર એક ઊંડા પાણીનું બંદર છે જે ખુલ્લા સમુદ્ર સુધી સીધું પહોંચે છે. તેને ભારતનું એશિયાનું પ્રવેશદ્વાર તરીકે પણ ઓળખવામાં આવે છે કારણ કે તે પાકિસ્તાનને બાયપાસ કરીને ભારતને અફઘાનિસ્તાન અને પશ્ચિમ એશિયા સાથે સીધું જોડે છે. આ બંદર વિના ભારતને અફઘાનિસ્તાન સુધી પહોંચવા માટે પાકિસ્તાન પર આધાર રાખવો પડત. ચીન પાકિસ્તાનમાં ગ્વાદર બંદર બનાવી રહ્યું છે. ગ્વાદર અને ચાબહાર ફક્ત ૧૭૦ કિમી દૂર છે. ભારત દ્વારા ચાબહારનું સંપાદન ચીનના ગ્વાદર પ્રોજેક્ટનો જવાબ હતો. તેને કારણે ભારત દ્વારા ઈરાન પાસેથી તેલ ખરીદવાનું સરળ બન્યું હતું. ચાબહાર બંદર દ્વારા ભારત સરળતાથી પોતાનો માલ સીધો અફઘાનિસ્તાન, મધ્ય એશિયા અને યુરોપમાં મોકલી શકે છે. આ માર્ગ દ્વારા માલનું પરિવહન રેલ અને રોડ માર્ગ કરતાં સસ્તું અને ઝડપી છે. સુએઝ કેનાલ માર્ગની તુલનામાં આ માર્ગ વેપારનો સમય ૧૦ થી ૧૫ દિવસ ઘટાડે છે. હવે ભારતનો આખો પ્રોજેક્ટ જોખમમાં મૂકાઈ ગયો છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ચાબહાર બંદર હોર્મુઝ સ્ટ્રેટ પાસે આવેલું છે, જે પર્સિયન ગલ્ફને અરબી સમુદ્ર સાથે જોડતો એક મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે. તેનું સ્થાન તેને વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ બનાવે છે**

# BUSINESS મિત્ર

## અદાણી જૂથના શેરોમાં ઉછાળોઃ પસંદગીના મિડ-સ્મોલકેપ શેરો સુધર્યા

# શેરબજારમાં ‘વોલેટિલિટી’: નિફ્ટીએ ૨૪,૦૦૦ની સપાટી તોડી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 28:** ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષમાં ઝડપી ઉકેલની આશાઓ જોવા મળી રહી છે, જેના લીધે એકબાજું રોકાણકારોના સેન્ટિમેન્ટમાં સુધારો જોવાઇ રહ્યો છે, પણ આ હજુય આશાઓ જ છે, પરિણામ નથી તેથી થોડીક સાવચેતીનો રૂખ પણ રહ્યો છે. આ દરમ્યાન ભારતીય શેરબજારમાં શરૂઆત સુધારા સાથે થઇ હતી, પણ નિફ્ટી વીકલી એકસપાયરી હોવાના કારણે ભારે ઉથકપથક સાથે નરમાઇ જોવા મળી હતી. જોકે, અદાણી જૂથ સહિતના મિડ અને સ્મોલકેપ શેરોમાં લેવાલી રહી હતી. આમ, પસંદગીના શેરોમાં નીચલા મથાળેથી ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ભારતીય શેરબજારમાં યુ ટર્ન પશ્ચિમ બંગાળના પરિણામોથી જોવા મળશે. જેમાં ભાજપનો વિજય થશે તો શેરબજારમાં ભારે ઉછાળો આવવાની સંભાવના છે. જોકે, આજે નિફ્ટી-સેન્સેક્સ વધઘટે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. જેમાં નિફ્ટીએ 24000 પોઈન્ટની મનોવૈજ્ઞાનિક સપાટી તોડી નાંખી હતી.

સેકટર વાઇઝ જોઇએ તો પીએસયુ બેન્ક, પ્રાઈવેટ બેન્ક તથા ઓટો શેરોમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું, જ્યારે ઓઇલ એન્ડ ગેસ, કેમિકલ્સ અને મેટલ શેરોમાં તેજી જોવા મળી હતી.

બીએસઇ સેન્સેક્સ 416.72 પોઈન્ટ એટલે કે 0.54 ટકા વધીને 76886.91 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77493 પોઈન્ટ સુધી ઉછળઅયો હતો. જ્યારે નીચામાં 76741 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 97 પોઈન્ટ એટલે કે 0.4 ટકા ઘટીને 24000 પોઈન્ટની સપાટી તોડીને 23995.70 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24181 પોઈન્ટ સુધી ઉછળી હતી. જ્યારે નીચામાં 23957 પોઈન્ટ સુધી ઉછળી હતી. બેન્ક નિફ્ટી 863.95 પોઈન્ટ એટલે કે 1.54 ટકા ઘટીને 55400.35 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે સીટી યુનિયન બેન્કમાં 4.68 ગણા, કોહાન્સ લાઈફ સાયન્સીસમાં 4.22 ગણા, આરબીએલ બેન્કમાં 4.15 ગણા, એફલ થ્રીઆઈમાં 3.77 ગણા અને અદાણી ટોટલ ગેસમાં 2.78 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે પિરામલ ફાઇ.માં 26.65 ગણા, ટાટા કેમિકલ્સમાં 24.65 ગણા, કોહાન્સ લાઈફ સાયન્સીસમાં 7.3 ગણા, જૈન રીસોર્સીસમાં 6.04 ગણા અને લીલા પેલેસીસમાં 5.51 ગણા કામકાજ નોંધાયા છે. પસંદગીના શેરોમાં લેવાલીના ટેકાથી બ્રોડર માર્કેટ સપાટ રહ્યું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.04 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.05 ટકા નજીવા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ નજીવો ઘટ્યો હતો. બીએસઇ ખાતે 2011 શેરો વધ્યા હતા, જ્યારે 2248 શેરો ઘટ્યા હતા અને 174 શેરો યથાવત રહ્યા હતા.

વીકલી એકસપાયરીના પગલે પીએસયુ બેન્ક શેરોમાં દબાણ રહ્યું હતું. નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 2.15 ટકા ઘટયો હતો. જેમાં યુનિયન બેન્ક, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, કેનેરા બેન્ક, પંજાબ એન્ડ સિંધ બેન્ક, બેન્ક ઓફ બરોડા સૌથી વધુ ઘટ્યા હતા, જ્યારે અન્યોમાં બેન્ક ઓફ ઈન્ડિયા, પીએનબી, સ્ટેટ બેન્ક, ઈન્ડિયન બેન્ક અને સેન્ટ્રલ બેન્ક નજીવા ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર 119 પોઈન્ટના સુધારા સાથે ચાલી રહ્યો હોવાથી આજે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. બીજી તરફ, ઈરાને શાંતિ દરખાસ્તો અમેરિકાને જણાવી છે, હવે તેના પ્રતિસાદની રાહ જોવાઇ રહી છે. જે પોઝિટિવ સંકેત માની શકાય, તેની પાછળ યુરોપિયન બજારોમાં સુધારાની ચાલ જોવા મળી હતી. જોકે, એશિયન બજારો નરમ બંધ રહ્યા હતા. રાજકીય અનિશ્ચિતતાના માહોલના પગલે બેન્ક ઓફ જાપાને એપ્રિલમાં વ્યાજ દર 0.75 ટકા યથાવત રાખ્યો હતો. જેઓએ ફુગાવાની આગાહી વધારીને 1.9થી વધારી 2.8 ટકા કરી છે. જોકે, ઈરાનની હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલવાની ઈરાનની ઓફર પર ટ્રમ્પ અને સુરક્ષા એજન્સીઓ ચર્ચા કરી રહ્યા છે, જેમાં અમેરિકાને હોર્મુઝમાંથી હટી જવા ઈરાનની શરત છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.02 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 0.12 ટકા, અને ડેક્સ 0.39 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે.

## ડોલરમાં જબરજસ્ત ઉછાળો, 94.55ના સ્તરે

અમદાવાદ, તા. 28: ગઇકાલે રૂપિયામાં નજીવો સુધારો રહ્યા બાદ આજે ડોલરમાં જોરથી ઉછાળો આવ્યો હતો અને ડોલર 94.50ની ઉપર નીકળી ગયો હતો. ક્રુડના ભાવ 110 ડોલરની ઉપર નીકળી જતાં ડોલરમાં મજબૂતાઇ રહી હતી. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 35 પૈસા નબળો પડીને 94.55ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.20ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.93, પાઉન્ડ 127.75, કેનેડિયન ડોલર 69.00, ઓસ્ટ્રેલિયન ડોલર 68.06, જાપાનીઝ યેન 0.5918 અને સીંગાપોર ડોલર 73.85ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.55 રૂ. |
| યુરો | 109.93 રૂ. |
| પાઉન્ડ | 127.75 રૂ. |
| યેન | 0.5918 રૂ. |

| | | |
|---|---|---|
| **સેન્સેક્સ** | -416.72 | 76886.91 |
| **નિફ્ટી** | -97.00 | 23995.70 |
| **બેન્ક નિફ્ટી** | 863.35 | 55400.35 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઓએનજીસી | 5.39 | 301.30 |
| અદાણી એન્ટર | 3.90 | 2412.40 |
| કોલ ઇન્ડિયા | 3.20 | 467.00 |
| રિલાયન્સ | 1.69 | 1388.90 |
| નેસલે ઇન્ડિયા | 1.60 | 1440.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એકસીસ બેન્ક | 2.66 | 1289.00 |
| એચસીએલ ટેકનો | 2.62 | 1196.00 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 2.60 | 1196.00 |
| મારૂતિ સુઝુકી | 2.50 | 12892.00 |
| શ્રીરામ ફાઇનન્સ | 2.20 | 953.25 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| રિલાયન્સ ઇન્ડ. | 1.68 | 1388.90 |
| ભારતી એરટેલ | 1.43 | 1845.45 |
| ટેક મહિન્દ્રા | 0.95 | 1409.15 |
| સન ફાર્મા | 0.80 | 1747.70 |
| ટાટા સ્ટીલ | 0.73 | 215.05 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એકસીસ બેન્ક | 2.65 | 1289.40 |
| એચસીએલ ટેકનો | 2.64 | 1196.25 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 2.59 | 4445.10 |
| મારૂતિ સુઝુકી | 2.53 | 12891.70 |
| એસબીઆઇ | 1.88 | 1090.90 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ” | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ ” | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ ” | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૦૦ | કોપરેલ | ૫૩૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૮૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૫ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૬૫૦ | તલતેલ | ૫૧૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૪૦૦ | દિવેલ | ૨૪૭૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૫૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૩૦૯૦ |
| તેજાબી સોનું | ૧૫૩૦૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૫૪૩૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૦૦૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૩૦૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૫૧૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૬૬૦૦ |

# ઈ-કોમર્સ પર ‘મેઈડ ઈન ઈન્ડિયા’ની ઓળખ હવે વધુ સરળ

**સરકાર** લાવી ‘કન્ટ્રી ઓફ ઓરિજીન’ ફિલ્ટર

**નિયમ** તોડનારને રૂ. ૫૦ લાખ સુધીનો દંડ

**ટેકનિકલ** ફેરફાર માટે ૧ જુલાઇ ૨૦૨૭ સુધીનો સમય

નવી દિલ્હી, તા. 28: ભારત સરકારે ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર ભારતીય ઉત્પાદનોને અલગથી ઓળખ થઇ શકે અને ભારતીય ઉત્પાદનોનું વેચાણ થાય તેવા પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે, જે સંદર્ભમાં સરકારે ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર કન્ટ્રી ઓફ ઓરિજીનના ફિલ્ટરને લાગુ કરવાનો નિયમ બનાવ્યો છે. જોકે, આ નિયમને લાગુ કરવાની સમયમર્યાદા વધારી દીધી છે, જે 1લી જુલાઈ, 2027 સુધીનો રહેશે. સરકારના આ નિર્ણયનો હેતુ ગ્રાહકોને વધુ પારદર્શક માહિતી આપવાનો અને મેઈડ ઈન ઈન્ડિયા ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનો છે.

ગ્રાહક બાબતોના વિભાગે લીગલ મેટ્રોલોજી પેકેજડ કોમોડિટીઝ નિયમો 2011માં ફેરફાર કરીને આ નિયમને લાગુ કરવામાં આવ્યો છે, જેમાં તમામ ઈ-કોમર્સ કંપનીઓએ સુનિશ્ચિત કરવું પડશે કે તેમના પ્લેટફોર્મ પર વેચાયેલા ઉત્પાદનો સાથે કન્ટ્રી ઓફ ઓરિજીનની માહિતી એક ફિલ્ટર રૂપમાં હાજર છે જે ગ્રાહકો સરળતાથી શોધી શકે અને સોર્ટ પણ કરી શકે. જેથી ગ્રાહકો ફક્ત ભારતમાં બનેલા ઉત્પાદનો જોઇ શકે.

સરકારે ઈ-કોમર્સ કંપનીઓની વિનંતી પર મૂળ દેશના નિયમની સમયમર્યાદા વધારી દીધી છે. કંપનીઓએ કહ્યું કે તેમના પ્લેટફોર્મ પર લાખો પ્રોડક્ટ્સ અને હજારો વિક્રેતાઓ છે. આવી સ્થિતિમાં, આ નવી સિસ્ટમને લાગુ કરવામાં સમય લાગશે. તે જ સમયે, વિક્રેતાઓએ તેમના ઉત્પાદનોની સાચી માહિતીને પણ અપડેટ કરવી પડશે, જેના માટે તાલીમ અને ટેક્નોલોજીની જરૂર છે. કેટલીક કંપનીઓ એઆઇ આધારિત ટૂલ્સનો ઉપયોગ કરી રહી છે, જેથી ડેટાને યોગ્ય રીતે અપડેટ કરી શકાય.

ઉલ્લેખનીય છે કે, જો કોઈ ઈ-કોમર્સ પ્લેટફોર્મ આ નિયમનું પાલન ન કરે તો તેને દંડ ફટકારવામાં આવી શકે છે. પ્રથમ વખત નિયમ તોડવા પર 2000 રૂપિયાથી 25000 રૂપિયાનો દંડ થઈ શકે છે. તે જ સમયે, જો વારંવાર ઉલ્લંઘન થાય છે, તો દંડ વધુ વધી શકે છે. ઉપરાંત, માલ જપ્ત કરવા જેવી કાર્યવાહી પણ કરી શકાય છે. ગંભીર કિસ્સાઓમાં ગ્રાહક સુરક્ષા અધિનિયમ 2019 હેઠળ 10 લાખ રૂપિયા સુધીનો દંડ અને પુનરાવર્તિત અપરાધીઓ માટે 50 લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.

# ઔદ્યોગિક ગ્રોથમાં આંશિક ઘટાડો, છતાં મેન્યુફેક્ચરિંગમાં તેજી યથાવત

**માર્ચમાં** ભારતની ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિદર 4.1 ટકા રહ્યો, જે ફેબ્રુઆરીની સરખામણીએ નીચો રહ્યો

નવી દિલ્હી, તા. 28: ભારતનો ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં વધારો થયો છે, પણ ગતિ ધીમી પડી છે. આઈઆઈપી ડેટા અનુસાર ફેકટરીનું ઉત્પાદન વાર્ષિક ધોરણે 4.1 ટકાનો વધારો થયો છે, એટલે કે ઉદ્યોગમાં ગતિ જોવા મળી રહી છે, પણ ગત મહિનાની સરખામણીએ ગ્રોથ ઘટ્યો છે. ફેબ્રુઆરીમાં ઔદ્યોગિક વૃદ્ધિદર 5.2 ટકા હતો, જે ઘટીને 4.1 ટકા થઇ ગયો છે. આ વૃદ્ધિદરની પાછળ મેન્યુફેકરચીંગ અને માઈનીંગ સેકટરની આગેવાની જોવા મળી હતી. જો આ બંને સેકટરની વૃદ્ધિ ધીમી પડી હોત તો ઔદ્યોગિક દરમાં મોટો ઘટાડો આવ્યો હોત.

આ વૃદ્ધિમાં મેન્યુફકેચરીંગ અને માઈનીંગનો ટેકો મળ્યો હતો, જેમાં મેન્યુફેકચરીંગમાં 4.3 ટકા અને માઈનીંગમાં 5.5 ટકાનો વધારો થયો છે. તેજ સમયે વીજ ઉત્પાદનનો વિકાસ માત્ર 0.8 ટકા રહ્યો છે. મેન્યુફેકચરીંગમાં 23માંથી 14 ઉદ્યોગ જુથોમાં વૃદ્ધિ જોવા મળી હતી. મેટલ, ઓટોમોબાઈલ અને મનીનરી ક્ષેત્રો મોખરે રહ્યા હતા. તેની સાથે ઓટો કમ્પોનન્ટસ, કોર્મશીયલ વાહનો અને ઔદ્યોગિક સાધનોની મજબૂત માગ આ વૃદ્ધિને ટેકો આપે છે. આ સિવાય ઈન્ફ્રાસ્ટ્રકચર અને કન્સ્ટ્રકશન ગુડસમાં પણ 6.7 ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. બીજી તરફ, કન્ઝયુમર રિલેટેડ સેકટરમાં મંદી જોવા મળી રહી છે. એનો અર્થ એ થાય છે કે, રોજીંદા માલની માગ હજુય પણ ખૂબ મજબૂત નથી.